પોલીસ કમિશનરની કચેરી, શાહીબાગ, અમદાવાદ શહેર
ફોન નં- ૦૭૯-૨૫૬૨૦૦૫૩, email- lb-cp-ahd@gujarat.gov.in

# લોકસભા સામાન્ય ચુંટણી-૨૦૨૪, જાહેરનામું

**ક્રમાંક: જ/૬૫૬/લોકસભા સામાન્ય ચુંટણી-૨૦૨૪/ ૫૬૬ /૨૦૨૪,** **તા:૧૮/૦૩/૨૦૨૪**

**વંચાણે લીધા :** ઈલેક્શન કમિશન ઓફ ઈન્ડીયાના તા:૮/૬/૨૦૨૩ના પત્ર ક્રમાંક: 464/INST/EPS/2023/L&O.

ભારતના ચુંટણીપંચ, નવી દિલ્હી તરફથી લોકસભા સામાન્ય ચુંટણી-૨૦૨૪ યોજવા અંગેનું જાહેર કરવામાં આવેલ છે. જેમાં ગુજરાત રાજ્ય ખાતે તા:૦૭/૦૫/૨૦૨૪ના રોજ લોકસભા સામાન્ય ચુંટણી-૨૦૨૪ યોજાનાર છે. સમગ્ર ચુંટણી પ્રક્રિયા દરમ્યાન અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં તમામ સ્તરે કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તથા મતદારો પોતાનો મત, મુક્ત અને નિર્ભય રીતે આપી શકે તે જરુરી છે. ભારતનાં ચુંટણી પંચ દ્વારા લોકસભાની સામાન્ય ચુંટણીઓનો વિગતવાર કાર્યક્રમ પ્રેસ નોટ નં- ECI/PN/24/2024, તા:૧૬/૦૩/૨૦૨૪ થી જાહેર કરવામાં આવેલ છે. ચુંટણીની સમગ્ર પ્રક્રિયા માટે જરુરી શાંતિમય વાતાવરણમાં વિક્ષેપો ઉભા થાય નહી અને જાહેર સુલેહશાંતિનો ભંગ થાય નહીં તથા ભારતના બંધારણના અનુચ્છેદ ૨૪૩-૯ અને ૨૪૩-વક ની જોગવાઇ હેઠળ શાંતિપુર્ણ, મુક્ત અને ન્યાયી વાતાવરણમાં ચુંટણી યોજાય તે જરુરી છે. આ માટે નિવારણનાં વિવિધ તબક્કાઓમાં વિવિધ પગલાઓ લેવાનું જરુરી છે જેના ભાગરુપે ફોજદારી કાર્યરીતિ અધિનીયમ-૧૯૭૩ની કલમ -૧૪૪ મુજબ પગલા લેવા માટેના કારણો છે.

૨. સબબ હું જી.એસ.મલિક, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, અમદાવાદ આથી આગામી ગુજરાત રાજ્યની લોકસભા સામાન્યે ચુંટણી-૨૦૨૪ને અનુલક્ષીને જાહેર શાંતિ અને સલામતીના હિતમાં નિર્વાચન આયોગ તરફથી સંવિધાનની કલમ- ૩૨૪ થી આપેલ સત્તા તથા ફોજદારી કાર્યરીતિ અધિનીયમ, ૧૯૭૩ (૧૯૭૪ નો બીજો અધિનીયમ) ની કલમ -૧૪૪ મુજબ, મને મળેલ સત્તાની રુએ, અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં રહેતા તમામ પ્રકારના હથિયારોના પરવાનેદારોને તેમની પાસેના પરવાનાવાળા તમામ પ્રકારના હથિયારો, આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૭ માં જે-તે લાગતા વળગતા પોલીસ સ્ટેશનમાં અનામત જમા કરાવી દેવાના રહેશે. સંબંધકર્તા તમામ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જશ્રીઓએ તેમના તાબાના કાર્યક્ષેત્ર વિસ્તારમાં રહેતા અને હથિયાર પરવાનો ધરાવતા હોય તેવા તમામ હથિયાર પરવાનેદારશ્રીઓ તરફથી તેમના પરવાનાવાળા હથિયારો જમા કરાવવામાં આવે તે માટેના પગલાં લેવાના રહેશે. આ પ્રકારે તમામ હથિયારો જમા થઈ ગયા અંગેની જાણ દિન-૭ની અંદર અત્રેની કચેરીને કરવા આદેશ કરુ છુ.

૩. આ આદેશ પોલીસ કમિશનર, અમદાવાદ શહેર તરફથી જારી કરાવેલ હથિયાર પરવાના સિવાય બીજા પણ દરેક હથિયાર પરવાનેદારો કે જેઓએ અન્ય કોઈ પણ હથિયાર પરવાના આપનાર સત્તાધિશ તરફથી હથિયાર પરવાનો મેળવેલ હોય તેમને પણ લાગુ પડશે. આ આદેશ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરેટ હદ વિસ્તારમાં રહેતા અને અમદાવાદ શહેરની મુલાકાતે આવેલ તમામ હથિયાર પરવાના ધારકોને પણ લાગુ પડશે. હથિયાર ખરીદ - વેચાણ કરતા પરવાનેદારો (આર્મસ ડીલરો) આ સમયગાળા દરમ્યાન હથિયાર ખરીદ વેચાણ કરશે તો પણ હથિયારની સોંપણી આ જાહેરનામાની તારીખથી ચુંટણી પ્રક્રિયા પુર્ણ થતા સુધી પરવાના ધારકોને કરી શકશે નહી. સબંધીત પોલીસ સ્ટેશને જે તે પરવાનેદારશ્રીને તેમનુ અનામત જમા લીધેલ હથિયાર ચુંટણી પ્રક્રિયા પુરી થયા પછી પરત કરવાનુ રહેશે અને તેના માટે કોઇ પણ અલગ હુકમની જરુરીયાત રહેશે નહી.

**૪. આ આદેશમાંથી નીચે જણાવ્યા મુજબના હથિયાર પરવાનેદારશ્રીઓને મુક્તિ આપવામાં આવે છે:**

**A.** અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં આવેલ સરકારી, અર્ધસરકારી સંસ્થાઓ (બેન્ક કોર્પોરેશન સહિત) સ્થાનિક સ્વરાજની સંસ્થાઓના નામે જે હથિયાર પરવાનો ધરાવતા હોય તથા જેઓ નેશનલ રાયફલ એસોસિએશનના સભ્ય છે અને વિવિધ રાજ્ય કે રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય લેવલની શુટીંગ સ્પર્ધામાં ભાગ લેનાર સ્પોર્ટસ પર્સન છે તેમને તેમના પરવાનાવાળા હથિયારો જમા કરાવવામાંથી મુકિત આપવામાં આવે છે. પરંતુ જે તે વ્યકિતના વ્યકિતગત નામે વ્યકિતગત હેતુ માટે ઇસ્યુ થયેલ હથિયાર પરવાનાને ઉક્ત આદેશમાથી મુક્તિ મળશે નહી.

**B.** માન્યતા ધરાવતી સીક્યુરીટી એજન્સીઓના ગનમેન કે જેઓ રાષ્ટ્રીયકૃત સહકારી કે કોમર્શીયલ બેન્કો, એ.ટી.એમ તથા કરન્સી ચેસ્ટની લેવડ દેવડ કરતા હોય તેવા હથિયારધારી સીક્યુરીટી ગાર્ડને તેમના હથિયાર જમા કરાવવામાંથી મુક્તિ આપવામાં આવે છે. આવા સીક્યુરીટી ગાર્ડ તેઓ જે બેન્કમાં સીક્યુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા હોવાનું સબંધીત બેન્કના મેનેજરનું પ્રમાણપત્ર તેઓના ફોટોગ્રાફ સાથેનું પોતાની સાથે રાખવાનુ રહેશે. તેમજ જે તે સબંધીત બેન્કના મેનેજરશ્રીએ આવા સીક્યુરીટી ગાર્ડની વિગતવારની માહિતી જે તે સબંધીત પોલીસ સ્ટેશનને કરવાની રહેશે અને સબંધીત પોલીસ સ્ટેશને આ અંગે નિયમાનુસારની ચકાસણી કરી લેવાની રહેશે.

**C.** કેન્દ્ર સરકાર તેમજ રાજ્ય સરકારના અધિકારી/ કર્મચારીઓ કે જેઓને કાયદા મુજબ હથિયાર ધારણ કરવાની મંજુરી આપેલ છે અને ચુંટણીની ફરજ ઉપર હોય તેમને લાગુ પડશે નહી.

**D.** કેશ મુવમેન્ટ રોકડ, સોના, ચાંદી, કિંમતી વસ્તુઓની હેરફેર માટે તેની સુરક્ષાની કામગીરીમાં રોકાયેલા હોય તથા વાયટલ ઈન્સ્ટોલેશન ઉપર ફરજ બજાવતા હોય તેમને લાગુ પડશે નહીં.

**E.** જે હથિયાર પરવાના ધારકોની હથિયારના પરવાના તેઓના ધંધા/વ્યવસાયને ધ્યાને લઈને પરવાનો આપેલ હોય જેમ કે જવેલર્સ, આંગડીયા પેઢી, હિરાના વેપારી, બિલ્ડર્સ વિગેરે તેઓએ સ્થાનિક પોલીસ સ્ટેશનથી બાંહેધરી લઈ સ્ક્રિનિંગ કમીટી પાસેથી મુક્તિ મેળવી શકશે. જે પરવાનેદારોને આ હુકમથી હથિયાર જમા કરાવવામાંથી મુક્તિ મળે છે તેઓએ પણ જે તે સંબધીત પોલીસ સ્ટેશનમાં લેખીતમાં જાણ કરવાની રહેશે.

**F.** પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરનાઓએ ખાસ કિસ્સામાં પરવાનગી મળેલ હોય તેમને લાગુ પડશે નહી.

**G.** મુક્તિ મેળવવા પાત્ર હથિયાર પરવાનેદારોને સ્ક્રિનીગ કમિટી નક્કી કરે તે રીતે મુક્તિ આપી શકશે.
(ઉપરોક્ત A થી G ના કિસ્સાઓમાં એવું ધ્યાને આવે કે, આ પરવાનેદારો પૈકી કોઈ, ચુંટણી પ્રક્રિયા દરમ્યાન કે ચુંટણી પ્રક્રિયાને અસર કરે તેવી કોઈ પ્રકારની હિંસામાં/કૃત્યમાં સંડોવાયેલા છે, અથવા કાયદો અને વ્યવસ્થાની જાળવણી દરમ્યાન બાધારુપ બની રહેલ છે/ બને તેમ છે તો તેવા કિસ્સામાં જરુર જણાયે હથિયાર જપ્તીની પ્રક્રિયા અનુસરવી)

**૫. હથિયાર પરવાનેદારોએ ઉક્ત વિગતે તેમના પરવાનાવાળા હથિયારો જે તે લગત પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાના રહેશે. તે હથિયારના કાર્ટીસ/દારુગોળો જમા કરાવવાની જરુર નથી.**

**-: અમલવારીનો સમય :-**

આ હુકમ જાહેરનામું પ્રસિધ્ધ કર્યાની તારીખથી તા:૦૮/૦૫/૨૦૨૪ સુધી અમલમાં રહેશે.

**-:વિસ્તાર :-**

અમદાવાદ શહેર, પોલીસ કમિશનરના કાર્યક્ષેત્ર હેઠળનો સમગ્ર વિસ્તાર

**:-શિક્ષા :-**

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ.કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય દંડ સહિતાની કલમ -૧૮૮ મુજબ ફરિયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

**-: જાહેર વિજ્ઞાપન :-**

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત નિર્દેશ કરેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેને નક્લો ચોંટાડી, લાઉડ સ્પીકર વાહન દ્વારા તેમજ અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media એકાઉન્ટસ ઉપર તેમજ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દુરદર્શન ઉપરથી બહોળી પ્રસિધ્ધિ કરાવવી.

આજ રોજ તારીખ :૧૮/૦૩/૨૦૨૪ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

**તા.૧૮/૦૩/૨૦૨૪**
**અમદાવાદ શહેર.**

COMMISSIONER OF POLICE
A'BAD CITY

(જી. એસ. મલિક)
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

૧.મેનેજરશ્રી ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા

૨/- ગુજરાત ગર્વમેન્ટ ગેઝેટમાં પ્રસીધ્ધ કરવા સારુ

૨.અધિક મુખ્ય સચીવશ્રી ગૃહ વિભાગ ગુજરાત સરકાર સચીવાલય ગાંધીનગર.

૩.પોલીસ મહાનિદેશકશ્રી અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા.પોલીસ ભવન ગાંધીનગર.

૪.કલેકટરશ્રી જીલ્લા કલેટરની કચેરી સુભાષબ્રીજ અમદાવાદ.

૫.કલેકટરશ્રી જીલ્લા કલેટરની કચેરી ગાંધીનગર.

૬.અમદાવાદ રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ ગુ.રા અમદાવાદ (૫ નકલ) .

૭. રજીસ્ટ્રારશ્રી સીવીલ અને સેશન કોર્ટ ભદ્ર અમદાવાદ (૫ નકલ ).

૮. રજીસ્ટ્રારશ્રી સેસન્સ કોર્ટ ભદ્ર અમદાવાદ ( ૫ નકલ ) .

૯.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, ઘીકાંટા અમદાવાદ (૨૫ નકલ)

૧૦.મ્યુનીસિપલ કમીશ્નરશ્રી દાણાપિઠ અમદાવાદ શહેર

૧૧.પબ્લીક પ્રોસીક્યુટરશ્રી સીટી સીવીલ અને મેટ્રોપોલીટનની કોર્ટ અમદાવાદ શહેર

૧૨.સીનીયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી અમદાવાદ શહેર

૧૩.માહીતી નીયામકશ્રી સચીવાલય ગાંધીનગર (૨ નકલ)

૨/- જાણ સારુ અને દૈનીક સમાચાર પત્રોમા પ્રસીધ્ધ કરાવવા સારુ

**નકલ રવાના :**

૧. સંયુક્ત પોલીસ કમીશ્નરશ્રી સેકટર-૨ /વિશેષ શાખા અમદાવાદ શહેર

૨. અધિક પો.કમિ.શ્રી સેક્ટર-૧/ ટ્રાફિક શાખા / ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર

૩.નાયબ પોલીસ કમીશનરશ્રી ઝોન-૧ થી ૭/ક્રાઇમ/કંટ્રોલ/ ટ્રાફીક/મુખ્ય મથક અમદાવાદ શહેર

૪.તમામ મદદનીશ પોલીસ કમીશનરશ્રી "એ" થી "એન" ડીવીઝન/ ક્રાઇમ/ એસ.ઓ.જી/ ટ્રાફીક/ મુખ્ય મથક અમદાવાદ શહેર

૫.જનસંપર્ક અધિકારી કન્ટ્રોલ રુમ અમદાવાદ શહેર

૨/- જાણસારુ દૈનીક પત્રોમાં, દુરદર્શન, આકાશવાણી ઉપર પ્રસીધ્ધ કરવા સારુ

૬.મદદનીશ પોલીસ કમીશ્નરશ્રી ટ્રાફીક બ્રાન્ચ અમદાવાદ શહેર (૮ નકલ)

૨/- ટ્રાફીક મોબાઇલ, વાન મારફતે જાહેરનામાની જાણ કરવા સારુ

૭.પોલીસ ઈન્સપેકટરશ્રી, તમામ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર

૨/- જાણ સારુ તેમજ પો.સ્ટે વિસ્તારમાં જાહેરાત માટે અને અમલ થાય તેની તકેદારી રાખવા સારુ જાહેરનામાની એક નકલ તમારા વિસ્તારમા આવેલ ક્લબ/જીમખાના ના સંચાલક/રાયફલ કલબના મેનેજરને સુપ્રત કરીને બીજી નકલ ઉપર તેમની સહી મેળવી પો.સ્ટે રેકર્ડમાં રાખવું.તેમજ પો.સ્ટેના નોટીસ બોર્ડ,ચોકીના નોટીસ બોર્ડ પર પ્રસિધ્ધ કરવું અને તમામ હથિયાર પરવાનેદારશ્રીને પણ જાણ કરવી